॥ सत्यं परंधीमहि ॥

લડાઇ ફંડ માટે.

બી. જે. મેડીકલ સ્કુલના

વિદ્યાર્થીઓનો

"કૉનસર્ટ."

રચનાર.

શામળદાસ દુલભજી દેસાઇ. ઠે. મેડીકલ સ્કુલ.

મુ. અમદાવાદ.

છપાવી પ્રસિદ્ધ કરનાર.

વિનાયકરાવ કૃષ્ણરાવ આલતેકર.

સેક્રેટરીઝ મેડીકલ સ્ટુડંટસ કૉનસર્ટ.—અમદાવાદ.

સને ૧૯૧૬ પ્રત ૫૦૦ આવૃત્તિ ૧ લી.

કિંમત. ૦-૨-૦

શ્રી 'સત્યસાગર' પ્રિન્ટીગ પ્રેસમાં પટેલ. પોચાભાઇ
ચકુભાઇએ છાપ્યું. ઠેકાણું. પીરમશારોડ—**અમદાવાદ,**

॥ શ્રી ॥

ઉદ્દેશ,

યુદ્ધમાં લડતા આપણા સૈનીકોની મદદ કરવાને અમારો આ અલ્પ પ્રયત્ન છે તો આશા છે કે આપ તેને યોગ્ય ન્યાય આપી અમને કૃતાર્થ કરશો.

અમે અત્રે જણાવાની નમ્રતાપૂર્વક રજા લઇએ છીએ કે આપણા માનવંતા શહેરી સરદાર સર ચીનુભાઇ માધવલાલ બેરોનેટ, સી. આઇ. ઇએ પોતાના અમુલ્ય વખતનો ભોગ આપીને અત્રે પધારી અમને ઉત્તેજન આપ્યું છે તે ખાતે અંતઃકરણ પૂર્વક તેઓશ્રીનો આભાર માનીએ છીએ. તેમજ માનવંતા શેઠ અંબાલાલ સારાભાઇએ તેમનુ આનંદ ભુવન થીયેટર અમોને વપરાશ માટે આપ્યું છે તે ખાતે તેઓ સાહેબના અમો અત્યંત ઋણી છીએ.

આ પ્રયોગ અમે ઘણાજ ટુંકા વખતમાં તૈયાર કર્યો છે તેથી તેમાં ઘણી ખામીઓ હોવાનો સંભવ છે તો હંસક્ષીર ન્યાય આપશો એવી વીનંતી છે.

લી.

આનંદભુવ થીયેટર.
તા. ૨૫-૨-૧૬

શામળદાસ ડી. દેશાઇ
વિનાયક કૃષ્ણ આલતેકર.
સેક્રેટરીઓ- મે-રટુ-કો-અમદાવાદ

અનુક્રમણિકા.

અંક ૧ લો.

અંક ૨ જો.

પ્રવેશ ૩ જો—જંગલમાં મી૰ મોજીલાલ મંજુલાને સુધારે છે.
પ્રવેશ ૪ થો—સ્નેહલગ્ન નાટકમાંનો સીન.
પ્રવેશ ૫ મો—પારસી કૉમીક (કલજુગમાંથી સાંધણ)
પ્રવેશ ૬ ઠો—સ્નેહલગ્ન નાટકમાંનો સીન. ટેબ્લો. ડ્રોપ.

(સ્નેહલગ્ન સમાપ્ત.)

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો—અર્સાર ફીર્સ નાટકનો સીન. (અંગ્રેજ—તાસીર
પ્રવેશ ૨ જો—મી૰ મોજીલાલ અને મંજુલાનો સુખી સંસાર.
પ્રવેશ ૩ જો—સંત સખુબાઇ નાટકનો સીન (મરાઠી)
નૌસાબા.)
પ્રવેશ ૪ થો—મી૰ મોજીલાલ પોતાની સાસુને સુધારે છે. (સમાપ્ત.)
પ્રવેશ ૫ મો—સંત સખુબાઇ નાટકનો સીન. (મ્હાલસાબાઇ, દિગંબર સંત સખુબાઇ.
પ્રવેશ ૬ ઠો—ખુબસુરતબલાનું કૉમીક (ખેરસલ્લા, કમાન, ડાકટર સયફુ.)
પ્રવેશ ૭ મો—પારસી કૉમીક સમાપ્તિ.

સ્નેહલગ્નના નાટકમાં આવતા

પાત્રોના નામ.

પુરૂષ પાત્ર

ચંદ્રસિંહ—ચંપકપુરનો મહારાજા.

રત્નસિંહ—ચંદ્રસિંહનો પાટવી કુમાર મૃદુલાનો પતિ.

સામંત—રત્નસિંહનો એક વફાદાર સરદાર.

પ્રધાન—ચંપકપૂરનો નિમકહરામ વજીર.

હિરાચંદ—ચંપકપુરનો એક લોભી ખટપટી વાણીયો.

મિ. મોજીલાલ—એક સુધરેલ ડૉળઘાલુ યુવાન.

ઉસ્તાદજી—એક ગવૈયો.

સ્ત્રિ પાત્ર--

મૃદુલા—રત્નસીંહની પતિવૃતા પત્નિ.

મંજુલા—મોજીલાલની ફેશનેબલ સ્ત્રી.

મિસીસ શંકુરાશંકર—મંજુલાની માતુશ્રી.

કુથલીબાઇ—મોજીલાલની પડોશણ.

ઉપરાંત—દાસ, દાસી, સિપાઇઓ, છાપાવાળો, વિગેરે.

સ્નેહલગ્ન નાટકનો ટુંકસાર.

પ્રવેશ ૧—વિલાસપુરના રાજાએ એવો હુકમ કહાડયો છે કે જે કોઈ પુરૂષ માબાપની મરજી વિરૂદ્ધ લગ્ન કરશે, તે લગ્ન ગેર કાયદેસર ગણાશે. હવે તે કાયદાનો ભોગ તેનો કું-વર રત્નસિંહ થઇ પડયો છે, તેણે પીતાની સંમતી વગર મૃદુલાની સાથે લગ્ન કર્યાં છે, તેથી કેદમાં પુરાયેલો પ્રિયાના વિરહમાં ઝુરતો દેખાય છે, વિશ્વાસુ મીત્ર સાંમત આવી ધીરજ આપે છે, તેટલામાં રાજા તથા પ્રધાન વિરભદ્ર સાથે આવી બનાવટી ચીઠી મૃદુલા માટે રત્નસિંહના મનમાં વ્હેમ લાવે છે. રત્નસિંહ મૃદુલાને ઠાર કરવા ગુસ્સામાં જાય છે. સાંમત આગળથી દોડી મૃદુલાને ખ-બર કરવા જાય છે.

પ્રવેશ ૨—રસ્તામાં વિરભદ્ર તથા હીરાચંદ નામનો વાણીયો મૃદુ-લાને મેળવવાનો ફરેબ કરી જુદા પડે છે.

પ્રવેશ ૩—મૃદુલા પાસે સાંમત આવે છે, સર્વ હકીકત જાહેર કરે છે. પોતાના ભાઇને ત્યાં સાંમત મૃદુલાને મોકલવાના ઠરાવપર આવે છે તેવામાં લુચ્ચો વાણીયો આવી સાંમતને થાપ ખવરાવી મૃદુલાને પ્રધાનની સાથે ઠેરવવા સંકેત પ્રમાણે સુંદરાવાસમાં લઇ જાય છે. રત્નસિંહ આવેશમાં ગોળી બહાર કરતાં સાંમત ઘાયલ થાય છે.

પ્રવેશ ૪—હીરાચંદ અને વિરભદ્ર આનંદમાં, રત્નસિંહને તથા મહારાજાને મારવાને પેરવી. સાંમત સ્વગત વાતચીત સાંભળે છે.

પ્રવેશ ૫—રત્નસિંહના વિચાર ભુવનમાં હીરાચંદ રત્નસિંહને મારવાની પેરવીમાં ત્યાં સાંમત આવી રત્નસિંહને સર્વ વાતથી વાકેફ કરે છે.

પ્રવેશ ૬—સુંદરાવાસમાં મૃદુલાપર વિરભદ્ર બળાત્કાર કરે છે. તેવામાં રાજા આવી વિરભદ્રને ઠાર કરે છે. સત્યની પ્રતિતિ થાયછે મૃદુલાના અને રત્નસિંહના સ્નેહલગ્ન નાટકની સમાપ્તિ.

सत्यंम परमं धीमंही.

॥ ૐ ॥



સ્નેહલગ્ન નાટકના

ગાયનો.

સૂત્રધાર--

૧.

પ્રભુ કૃપાલ, દીનદયાલ, કરો કલ્યાણ, જગતપાલ—
શરણાંગત ભક્ત વત્સલ , મતિ કરો મારી વિશાલ—પ્રભુ૦—
જગત્-રંગ ભૂમિપરે, વિશ્વ બની સૂત્રધાર (૨)
પ્રાણી-પાત્ર, ધર્મ-પાઠ (૨) થકી ભજાવે નાટયસાર—પ્રભુ૦
પાપીઓ પ્રપંચ કરે, વિજયકો ન પામનાર (૨)
સત્ય અંતે જીતશે (૨) ધાર્યું હરી તુજ થનાર—પ્રભુ૦

૨.

સૂત્રધાર—નટી—

પૂર્વજોના પૂન્ય પ્રભાવે પાપીઓ પુજાય—હા-હા-હા.
શીળવતીની શીયળ કસોટી, અંતે તો સમજાય—હા-હા-હા.
ચાર દીવસની ચાંદનીનું સુખ કદિ ન મળનાર (૨)
પૂન્ય પુંજ પુરો થતા. વિણુ મોતે મરતા, પાપીનો—
પ્રલય થનાં નર્કે જનાર (૨)
પણ સત્ય ધજા ફરનાર. (૨)—પૂર્વજો—૦—

૩.

રત્નસિંહ—

ચકોરી વિના ચાતક તલસી રહ્યો છે,
દાવાનળ વિરહનો, સળગી ઉઠયો છે, ચકોરી૦
વિસામો વનિતા દુઃખદ સંસારે (૨)
પ્રિયા વિણુ શાંતી કયાં ન લગારે— ચકોરી૦
દશાના ડંકા શીર પર વાગ્યા (૨)
મોટા માનધાતાને નીચા નમાવ્યા— ચકોરી૦

૪.

રત્નસિંહ—

હાય! નીકળી નાર હરામી (૨)
હવે જીવિત થયું ધુળધાણી (૨)—હાય૦
કનક ધારી મેં મૃદુલા નારી રૂપે ગયો અંજાઇ (૨)
પણ કથીર આવ્યું જણાઇ—હાય૦

૫.

રત્નસિંહ—

બસ એજ હવે બીજું કાંઇ નહિ નાખું મારી એને પળમાં,
તનમનથી તારૂણી લેખી, પણ નીકળી કુલટા.
જાઉં ઝટપટ, મારૂં સટપટ, કરૂં કકડા સો સો ક્ષણુમાં,
ખુન કરૂં એ જારીણીનું, વરસાવું અગ્ની તણખા.

૬.

મીસીસ—સ્વિકારો બાળા મારી.
મોજીલાલ—કર્યો આપે મુને ઉપકારી—(૨)
મીસીસ—દઉં આશીષ હું સુખદાઇ
મોજીલાલ—પછી આપું મેવા મીઠાઇ (૨)—સ્વિકારો૦
અંજુલા—રસીયા સંગે રસ બસ બનીને

જોબન રસ છલકાઉ (૨)

સાત સપાટ શાણાને મારી (૨)

ફેશનમાં મલકાઉ—કર્યો૦—

અંક ૨ જો.

૭.

જીવણ—જાએ બચ્ચ કાચ્છર છારી, જમડો ભમે જીવણા તારો
જીવડો (૨)
આ પેટની વેઠ કરી, ખાઉ છેટના ખાચ્છડા (૨)
ગમે મને નહિ એમ, ખમું જેમ તેમ, કરૂં હવે કેમ ? જાએ૦
ઘાંચી તણા બેલ છરખું કરવું વૈતરૂં (૨)
બસે મલે છે પગાર. મને બચ્ચ સાર. રૂપૈયાનો યાર–જાએ૦
રાત છારી મારી, ઊંઘ વેરીને જાગવું (૨)
કરે મને હારમાર, આવે એવો કાર, નાછી જાઉ યાર–જાએ૦

૮.

મંજુલા—નાથ નમેરા આમ નહિ થાઓ,
હેતે દીયો આલીંગન લ્હાવો (૨)
મોજીલાલ—લાયક થઇ તું નવેલી, કોટી કર મુને વેહેલી (૨)
મંજુલા—થઇ છું હું ઘેલી ઘેલી—
મોજીલાલ—આવ—આવ—આવ—(૨)
મંજુલા—વારી જાઉં, કામાગ્નિ સમાવો—હેતે૦
સધાયો સ્વાર્થ પછી વૈદડો વેરી મનાય (૨)
મોજીલાલ—નથી હું વ્હાલી એવો. અનુભવે એ જણાય (૨)
કોઇ જોડી આવી કોઇ બતાવો—હેતે૦

૯.

રત્નસિંહ—

ભરમાયો ભ્રાંતિમાંય (૨)
પ્રિયા વિણુ, ચેન પડે ન જરાય—ભરમાયો૦
ધનુષ્યના રંગ જેમ માયાના તરંગો (૨)
ભલ ભલા ભોળવાય.
તો હું પામરની શી ગતિ, કૃતિ (૨)
પ્રભુ રાખે એમ રહેવાય
દેજો હરી શુભ મતિ સહાય—ભરમાયો૦

૧૦.

सखुबाई:— ॥ पद ॥

कळ कळ माझी पांडुरंगा रे
अभंगा तुला ॥ ध्रु० ॥
भजनी रमतें । काम करोनी ॥
तिळभर माझा अनय नसोनी ॥
शासन देवा व्हावें असें का ?
कळेना मला ॥ १ ॥

મંજુલા-- ૧૧

પ્રેમ પુષ્પે વધાવું મારા જીવન આધાર (૨)

મોજીલાલ—શાણી ધન્ય તુંજ વિચાર (૩)

મંજુલા—સાચી પતિની સેવા છે મોહ મંત્ર સુખકાર પ્રેમ.

મોજીલાલ--સમજુ હવે તું થઇ સુશીલ નાર (૨)

મજુલા--અબળા નાર, તમ આધાર.

મોજીલાલ--ભાગ્ય ભંડાર

મીસીસ--ધન્ય અવતાર (૨)

મંજુલા--ચાલો મારા રસીલા સ્નેહી સરદાર--પ્રેમ૦

૧૨

सर्वः-- ॥ नामस्मरण ॥

लक्ष्मी शारंगधर सीतापति रघुवीर ॥

राधागोविंद । रखुमाई पांडुरंग ॥

जय जय विठ्ठल--जयहारी विठ्ठल ॥ १ ॥

૧૩

દેખો યારો કયા ઝક મા બીબી અયસી લાએ

કે જીસને આ તેહી મેરા દીવાલા ફુકાહાએ

યારો કે સાથ હોટેલમેં ચંપીન કી બોતલ ખુલવાયે

ઓર યહાં તો મીસ્ટર ખયરસલ્લાહકા ડબ્બા ગુલ હોજાએ

મીલે જીસકો જોરૂ અયસી વોહ બહાર દેખે કયસી

લા અનત ભેજો યારો અયસી જોરૂકી અયસી તયસી

કોઇ આવે સાયકલ લેકર ઓર કોઇ લાવે મોટરકાર